## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

**સમંદર પી જવાની હરક્ષણે તાકાત રાખું છું**
**મને પડકાર ના હું સજ્જ મારી જાત રાખું છું.**
**- ત્રિલોક મહેતા**

### પાથેય

- રમેશ ઠક્કર

## ભાગ્યની મજાની વાત...

દુનિયામાં અનેક વાદો ચાલે છે.વિવિધ વિચારસરણીઓ થકી અલગઅલગ જૂથો જોવા મળે છે.જગતમાં જીવતા માણસોને એક જ લીટીમાં વર્ગીકૃત કરવા હોય તો કહી શકાય કે એમાં મુખ્યત્વે બે પ્રકારના લોકો જોવા મળે છે..એક દુઃખીયારા લોકો અને બીજા ભાગ્યશાળી માણસો.પોતના ભાગ્યને દોષ દઈ સતત ફરિયાદ કરતા લોકો અનેક મળતા હોય છે..એ એમની ઓળખ સ્વયં આપતા રહે છે..પરંતુ આપણે જેને નસીબદાર તરીકે ઓળખીએ છીએ એવા માણસો સામાન્ય રીતે આવી પળોજણમાં પડ્યા વગર પોતાની જિંદગીને આનંદની માણતા હોય છે..એમનું જીવન એ જ એમની ઓળખ હોય છે !

શું હોય છે સુખી થવાની ફોર્મ્યુલા ? કોઈકે સરસ કહયું છે ‘ જો તમને સવારે ઉઠવામાં આનંદ ન આવે,હાથમાં લીધેલું કામ વેઠ જેવું લાગે,પરિચિત મિત્રો કે નજીકનાં સગાંસંબંધીઓ સાથે બેસીને જો જમવાનો આનંદ ના આવતો હોય કે નાની નાની બાબતોમાં ખુશીઓ શોધતાં ના ફાવે તો તમારા કરતાં દુઃખી દુનિયામાં બીજું કોઈ ના હોઈ શકે !’આપણા સુખનો આધાર જો સવારના મસ્ત નાસ્તા ઉપર, એક હળવી લટાર ઉપર,રસ્તા ઉપર ઉભેલાં વૃક્ષોના વૈભવ ઉપર કે સારી ઉંઘ ઉપર નિર્ભર હોય તો સુખની શક્યતાઓ વધી જાય છે..

જગતમાં દરેક નિરાશ થયેલા માણસોની મુખમુદ્રા એકસરખી હોય છે..પણ પ્રત્યેક સુખી માણસના ચહેરો આગવો અને પોતિકો હોય છે.કેવો હોય છે સુખનો સિમ્બોલ ? ભાગ્યશાળી માણસની પહેચાન કેવી હોય ? આવા માણસો જો કે આપમેળે જાય છે..હિંમત એ એમનો સમાન ગુણ છે.જે માણસ ભાગ્યને પલટાવી શકે એ આપોઆપ હિંમતવાન હોય છે..આપણને સફળ દેખાતા માણસ અને આપણી વચ્ચેનો ફરક એ જ છે કે એ લોકો સંજોગો સામે અડીખમ ઉભા રહેતા હોય છે. આપણે એકાદ સૂસવાટામાં જ આવા પડી જતા હોઈએ છીએ !

ભાગ્યને પલટનારા પોતાની રીતે કેડી કંડારે છે એ માટે એમની પાસે એક લગન હોય છે.પ્રચંડ ઈચ્છા હોય છે.એમને સામાન્ય સુખોની ખેવના હોતી નથી..નિશાનચૂક માફ પણ નહીં નીચું નિશાન એવી મકકમ ધારણા સાથે એ આગળ વધે છે.સંજોગો જે રીતે ઘાટ આપે એમ એ દિશા બદલતા નથી એમની પોતાની રીતે એ દિશાઓને શોધી લે છે.સામાન્ય માણસ એને મળતા સરસ સંજોગોનું એક સલામત ઘર છોડી શકતો નથી..અડધી રાતે કોઈ ઉમદા હેતુ માટે ઘરબાર પત્ની બાળકો અને સુખવૈભવ છોડી હાલી નિકળનારા લોકો કિસ્મતને પલટાવી શકતા હોય છે. ભાગ્યશાળી માણસો પાસે પોતાનો અગ્રતાક્રમ હોય છે જગતના પ્રચલિત ક્રમને એ ખપપૂરતો જ ગણનામાં લે છે.જે વ્યકિત પોતાની પ્રાયોરિટીને ગોઠવી શકે એના માટે જિંદગી એક આસાન સફર બની જતી હોય છે.સામાન્ય માણસ આ તરફ જવું કે બીજીતરફ એ અવઢવમાં જ અટવાઈ જતો હોય છે અને એટલે જ એની શકિતઓ એકસામટી કોઈ ધ્યેય માટે કામ લાગતી નથી..આવા માણસોની એક બીજી ખાસિયત એ છે કે એ લોકોની દ્રષ્ટિ વ્યાપક હોય છે.એ માત્ર પોતાના સુખ માટે ઝઝૂમતા હોતા નથી..એકલપેટા હોતા નથી..સમયની સૂચકતા અને એનું મૂલ્ય એ બરાબર પિછાણતા રહે છે..ભાગ્ય માટે એવું કહેવાયું છે કે એ સતત બદલાતું રહે છે..કોઈ માણસ એને અંતિમ માની બેસી રહે તો એ એનું દુર્ભાગ્ય ગણી શકાય !

# હવે, ધ્વજની ચિંતાજનક ચર્ચાઓ....

**તંત્રીસ્થાનેથી...**

કર્ણાટક વિધાનસભામાં કોંગ્રેસના ધારાસભ્યોએ એક વિચિત્ર પ્રકારની પ્રતિક્રિયા સરજીને શાસક પાર્ટીના ધુરંધરો તથા સ્પીકર અને મુખ્યમંત્રીને ભારે વિમાસણમાં મૂકી દીધા છે.એક મંત્રી કે ધારાસભ્ય દ્વારા સહજ આવેશમાં આવીને વિધાનસભામાં એવું બોલાઈ ગયું કે બનવાજોગ, ભવિષ્યમાં ત્રિરંગાને બદલે લાલ કિલ્લા પરથી ભગવો લહેરાય. હિન્દુત્વવાદી વિચાર ધારા ધરાવતા અસંખ્ય લોકો કદાચ આવા વિધાનથી રાજી રાજી થઈ ગયા હશે.પરંતુ કોંગ્રેસ માટે આ મુદ્દો ત્રિરંગાના અપમાન સમો બની ગયો અને એના નેતાઓ વિધાનસભાની અંદર જ ધરણાં પર બેસી ગયા છે.સત્તાધારી ભાજપના વરિષ્ઠ નેતાઓએ એમને કલાકો સુધી સમજાવવા પ્રયત્ન કર્યો પણ તેઓ એમની જીદ છોડી સમાધાન પર આવવા તૈયાર નથી.એમને તો પેલા ધારાસભ્યનું રાજીનામું બલકે સ્પીકર દ્વારા એનું સસ્પેન્શન જ ખપે છે.એમની માગણી એવું વિધાન કરનાર ધારાસભ્ય પર રાષ્ટ્રદ્રોહનો ગુનો લાગુ કરવામાં આવે એવી છે.મુખ્યમંત્રી બોમ્મઈ એમના સાથીના બચાવમાં ઊતર્યા છે અને કહે છે કે એણે એવો કોઈ રાષ્ટ્રદ્રોહનો ગુનો નથી કરી નાખ્યો.સ્વાભાવિક ક્રમમાં આવી ચર્ચાઓ થઈ શકે છે.એથી ત્રિરંગાને અપમાનિત કરી દીધો એવું નહીં માની લેવું જોઈએ.હકીકત એ છે કે ભગવો એ આ દેશમાં ધર્મ સાથે જોડાયેલ રંગ છે અને ખુદ બંધારણના ઘડવૈયા મહાનુભાવોએ એને ત્રિરંગા પર ટોચ પર મૂકી એની મહત્તા સ્વીકારી છે.સાથે બે બીજા રંગ ઉમેર્યા છે એમાં એક લીલો રંગ પણ છે.ભગવો કે કેસરી રંગ ફક્ત બલિદાન સૂચક નથી.એ હિંદુ ધર્મનું પ્રતીક છે,એમ લીલો રંગ એ માત્ર ખેતીપ્રધાન દેશની હરિયાળી ઉપરાંત ઈસ્લામ સૂચક પણ છે.દેશની શાંતિપ્રિય પ્રકૃતિ વચ્ચે અશોકચક્ર સહિત અહિંસા અને શાંતિ ઉપરાંત ખ્રિસ્તી ધર્મના સૂચક સફેદ રંગ દ્વારા વ્યક્ત થાય છે એવું ભલે અધ્યાહાર રખાયું હોય પણ તત્કાલીન રાષ્ટ્રીય આંદોલનમાં એ સુપેરે સમજાતું રહ્યું હતું.હવે જ્યારે આઝાદી ઉંમરલાયક બની ગઈ છે ત્યારે જો એનું ભગવાન અને ભગવા રંગ પ્રત્યે આકર્ષણ વધ્યું હોય તો એનો નકાર કરવો અઘરો છે.દેશની મુખ્ય ઓળખ તો હિન્દુ પ્રજા ધરાવતા મહાન સાંસ્કૃતિક રાષ્ટ્રની જ રહી છે . કોંગ્રેસ મારી મચડીને એને સેક્યુલર બનાવવા મથતી રહી પણ આખરે પ્રજાને એની ઓળખ પ્રસ્થાપિત કરવામાં એ ઊણી જ ઊતરી છે.માનસિક સ્તરે દેશ સેક્યુલર છે પણ એની મુખ્ય ઓળખ તો હિન્દુ પ્રજાની જ રહી છે.એનુ આર્યાવર્ત જેવું સાંસ્કૃતિક નામાભિધાન દ્રવિડ પ્રજાને અનુકૂળ નહોતું પણ હિંદુસ્તાન નામ તો આજ પર્યંત ચલણમાં છે અને તે ખોટું પણ નથી. કોંગ્રેસ માટે હિંદુત્વ ગળાનું હાડકું બની ગયેલ છે.એનો નકાર કરવો અઘરો છે અને સ્વીકાર કરવામાં વોટબેંકની નારાજગીનો ભય છે.દક્ષિણ ભારતમાં હિન્દુ પ્રજાની તરફદારી કરનારો ઉત્તર ભારતની ઓળખ ધરાવતો પક્ષ કર્ણાટક મારફત પગપેસારો કરી શકે છે એ સૂચક છે.વર્તમાન મુખ્યમંત્રીના પિતા પણ એક સમયે કર્ણાટકના મુખ્યમંત્રી હતા પણ એ કોંગ્રેસની સરકાર હતી... હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે.કોગ્રેસી નેતાઓને પણ ભાજપનો ભગવો ધારણ કરીને સત્તા મળતી હોય તો મેળવી લેવામાં જ ડહાપણ વરતાય છે.બીજા અનેક મુદ્દાઓ પર વર્તમાન ભાજપની કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારો વિરુદ્ધ આંદોલન ચલાવી શકાય એમ છે ત્યારે ભગવાન અને ભગવા સામે ધરણાં કરવામાં તો ખોટનો જ સોદો થશે.કોણ જાણે કોંગ્રેસ આટલું સાદું સત્ય કેમ સમજતી નથી!

# કોરોનાની ચોથી લહેર આવશે જ ?

### કોરોનાની ચોથી લહેર વધારે ઘાતક હશે ? આપણે કોરોના માટે પ્રાર્થના સિવાય બીજું કઈ કરી શકીએ એમ નથી ?)




બહુ સમય સુધી કોરોના ઉપર આપણે ઘણીબધી વાતો કરી કોરોના જેને થઈ ગયો હોય એને જ ખબર પડે. કોરોના જયારે પોઝીટીવ આવે ત્યારે કેટલું ટેન્શન હોય છે. પહેલા ચરણમાં બધાએ કોરોનાને બહુ ઘાતક લીધો નહોતો. કોરોના થાય તાવ આવે, ઉધરસ થાય અને શરદી થાય. અને કોરોના લોકોને બીજા દેશોમાં જે રીતે મૃત્યુ થતા હતા એને જોઈને આપણે બધા ખૂબ જ ચિંતિત હતા. પણ પહેલા ચરણમાં લોકોના મૃત્યુ પણ ઓછા થયા હતા અને ભારતમાં કોરોના ઉપર હેલ્થ સેકટરમાં બહુ કામ પણ થયું ન હતું. પહેલું કોરોનાનું ચરણ થયા પછી બે-ત્રણ મહિના ભારતે કોરોના ઉપર વિજય મેળવી લીધો છે. એવું વાતાવરણ થવા લાગ્યું. પણ બીજા ચરણમાં જે કોરોના ભારતમાં જે લોકોના જાનહાનિ થઈ તેમાં કોરોના વાયરસનું મ્યુટેશન થયું. જે વાયરસ ફેફસા ઉપર અસર કરતો થયો. જે ફેફશામાં કોરોના ન્યુમોનિયા કરવામાં તાકાતવાળો હતો. જેને કોરોના થાય અને ફેફસામાં કોરોનાને લીધે ન્યુમોનિયા થાય એ દર્દીઓને શ્વાસ લેવામાં તકલીફ પડે જેને લીધે શરીરમાં ઓક્સિજનની ઉણપ થવા લાગી એના હિસાબે શરીરના અવયવો કે જેમાં ઓક્સિન ન મળતા નબળા પડી જતા એટલે કે એમની કામ કરવાની શક્તિ ઓછી થઈ જતી.

જેને લીધે માણસનું મૃત્યુ થતું હતું. બીજા ચરણમાં ભારતમાં અને ગુજરાતમાં ઘણા બધા લોકોના મૃત્યુ થયા. સામાન્ય રીતે આપણા ઘરમાં આપણી આજુબાજુ. આપણા મિત્ર સર્કલમાં મૃત્યુ થાય તો આપણને દુઃખ થતું. કોરોના આ બીજા ચરણમાં એટલા બધા લોકો મૃત્યુ પામ્યા જાણે જેને કોરોના થયો એતો ગયો જ. કોરોનામાંથી જે બહાર આવતા એ જાણે ઈડરિયો ગઢ જીત્યા હોય એવી ખુશી થતી. કહેવાનો મતલબ એ છે કોરોના વાયરસનું ડેલ્ટામાં નિરુપણ એ માનવજાત માટે ખતરો સાબિત થયો. એ ત્રણ ચાર મહિના યાદ કરીએ છીએ ત્યારે આપણને ખુબ દુઃખ લાગે છે. માંડ માંડ કરીને આપણે કોરોનાનું બીજું ચરણ પુરું કર્યું. બે-ત્રણ મહિના પછી બધું શાંત થઈ ગયા પછી જયારે ૮૦ ટકા વધારે લોકોને રસીકરણ થયા પછી કોરોનાએ ફરી પાછો રંગ બદલ્યો. વેક્સિન ન લીધો હોય અથવા વેક્સિન લીધેલી હોય એ બધાને કોરોના થયો. પણ ઓમિક્રોન વાયરસ તરીકે જે મ્યુટેટ થયેલો વાયરસ હતો તેમાં તાવ આવતો, શરીર તૂટતું, ગળામાં અસહ્ય દુઃખાવો થતો પણ આ ઓમિક્રોન વાયરસ ફેફસા સુધી ન પહોંચ્યો. જેના લીધે ફેફસાની તકલીફ ખૂબ જ ઓછી થઈ. જેને લીધે મૃત્યુ પણ ઓછા થયા. ઓમિક્રોન વાયરસ અને ડેલ્ટા વાયરસ બંને જોવા મળતા હતા. ડેલ્ટા વાયરસ પણ થોડો નબળો હતો. જેને લીધે ડાયાબિટીસવાળા અથવા તો મોટી ઉંમરવાળા અથવા તો જેને ફેફસામાં નબળા હતા તેમને મૃત્યુ ભરખી ગયું. બાકી ૯૦-૯૫ ટકા લોકોને કોરોના થઈને મટી ગયો.

આજે ૧૮ ફેબ્રુઆરીએ લગભગ સમાપ્તીના મૂડમાં છે. કોઈ કહી શકે એમ નથી કે હવે પાછો ૨-૩ મહિનામાં નવા રંગરુપ સાથે પાછો નહીં આવે. વૈજ્ઞાનિકો એમ કહે છે કે હવે જુલાઈ-ઓગસ્ટમાં ફરી પાછો નવા વેરિયન્ટ સાથે આવી શકે છે. જે કદાચ વધારે ઘાતક હશે. અત્યારે તો કોરોના માટે આપણે પ્રાર્થના સિવાય કઈ કરી શકીએ એમ નથી. કારણ કે સરકારે બનતા બધા જ પ્રયત્નો કર્યા છે. અત્યારે ૯૦% વેક્સિનેશન થઈ ગયું છે. એટલે કોરોનાથી બચવાની સંખ્યા વધારે છે. ભલે કોરોના ગમે તે માનતો હોય. આવા ભયભીત વાતાવરણમાં લોકો પોતાની છોકરમત છોડતા નથી. ઘણા એવા પણ દાખલા બન્યા છેકે પોતાની ઓફિસમાં રજાઓ માટે કોમ્પ્યુટરની મદદથી નામ બદલીને ખોટા પોઝીટીવ રીપોર્ટ જનરેટ કરતા હતા. ઘણા એવા લોકો પકડાયા છે જે લોકોએ પોતાને અઠવાડિયું - દસ દિવસ રજા માટે કોમ્પ્યુટરની મદદથી ખોટા પોઝીટીવ કે નેગેટિવ રિપોર્ટ જનરેટ કર્યા છે. એવી જ રીતે જે લોકોને આંતરરાષ્ટ્રીય ઉડ્ડયન કરવાનું હોય તેવા લોકોઓ ખોટા રિપોર્ટ નેગેટિવ જનરેટ કર્યા છે. એમાંના મોટા ભાગના પકડાઈ ગયા છે. હાં, એવું જાણવા મળ્યું છે કે થોડી લેબવાળા પણ આમાં સામેલ હતા. ખોટા વધારે પૈસા લઈને એ લોકોએ ટેસ્ટ કર્યા સિવાય અથવા તો એકની જગ્યાએ બીજાને બેસાડીને ખોટા રિપોર્ટ જનરેટ કર્યા છે. આ કૃત્ય માનવજાત માટે ખૂબ જ ખરાબ છે અને તેને લીધે જ કોરોનાની ચેન તૂટતી નથી.

### દિન મહિમા

- છત્રપતિ શિવાજીની જન્મજયંતિ, મરાઠા રાજયમાં સ્થાપક.
- ગુજરાત રાજયના મુખ્યમંત્રી બળવંતરાય મહેતાની જન્મજયંતિ.

આજનું

### ઔષધ

- ફુદીનાનું શરબત પીવાથી કોલેરા મટે છે.

### ખડખડાટ

- એક મંદિરની બહાર બેસેલો એક ભિખારી બુમો મારતો હતો. બહેન... થોડા પૈસા આપી મદદ કરો. એક ભાઈને દયા આવી, તેને પર્સ ખોલ્યું પણ છૂટ્ટા પૈસા ના મળ્યા તેથી બોલ્યો ભાઈ આજે છૂટ્ટા નથી કાલે આપીશ. ભિખારી : આ ઉધારીમાં જ મને હજારોનું નુકશાન થઈ ગયું છે.

આજનો

### વોટ્સએપ

- કોણે કહ્યું કે મૌનને વાચા નથી. એના તો શબ્દો પણ સાચા નથી.

# ગુજરાત અને સુભાષનો સહયોગ : હરિપુરા કોંગ્રેસ મહાસભા:૧૯૩૮




ભાવનગર રાજ્યના વિચક્ષણ તથા કાબેલ દીવાન તરીકે જેમનું નામ મશહૂર છે તેવા સર પ્રભાશંકર પટ્ટણી ૧૯૩૮માં બીમાર હતા. જો કે ગાંધીજી પરત્વેના આકર્ષણને કારણે તેઓ હરિપુરા જવા માંગતા હતા. ગુજરાત રાજ્યના સુરત જિલ્લામાં હરિપુરાનું કોંગ્રેસ અધિવેશન એક ઐતિહાસિક ઘટના હતી. આ મહાસભામાં અધ્યક્ષસ્થાને તે સમયના સૌથી વધારે લોકપ્રિય નાયક સુભાષચંદ્ર બોઝ હતા. સુરત જિલ્લામાં તાપી નદીના તટ પર આવેલું હરિપુરા ગામ તથા આસપાસનો સમગ્ર વિસ્તાર નેતાજી સુભાષબાબુને આવકારવા થનગનતો હતો. નેતાજીનું સ્વાગત પણ હરિપુરામાં ભવ્ય રીતે કરવામાં આવ્યું હતું. નેતાજીના પગલાં ભવિષ્યમાં ગુજરાતની ધરતી પર પડવાના નથી તે વિધિનું નિર્માણ હતું. આથી નેતાજી સાથેનો ગુજરાતનો આ અંતિમ સુયોગ હતો. ફેબ્રુઆરી ૧૯૩૮ના મધ્યનો આ સમય હતો. (૧૬-૧૭ ફેબ્રુઆરી) સર પ્રભાશંકર પટ્ટણી નાદુરસ્ત તબિયત છતાં હરિપુરા જવા માંગતા હતા. આ હેતુ માટે તેમણે ખાસ એરક્રાફટની વ્યવસ્થા ભાવનગર રાજ્યના સહયોગથી કરી હતી. પરંતુ પટ્ટણી સાહેબને ગાંધીજીનો એક ટેલિગ્રામ મળ્યો. આ ટેલિગ્રામમાં ગાંધીજીએ સર પટ્ટણીને હરિપુરા મહાસભામાં ન આવવા માટે વિનંતી કરી હતી. સર પટ્ટણીએ મિત્ર સમાન ગાંધીજીની સલાહ માન્ય કરી હતી. આ વાત મુકુન્દરાય પારાશર્યના વિદ્વાન પુત્ર પિયુષ પારાશર્ય તરફથી જાણવા મળી છે. જો કે ભાવનગરના રાજ્યના પ્રતિનિધિ તરીકે ભક્ત કવિ શ્રી દુલા કાગે હરિપુરા મહાસભામાં ભાગ લીધો હતો. સભાની શરૂઆતમાં જ કવિશ્રી એ પોતાની સુપ્રસિદ્ધ રચના ’મોભીડ઼ો’ રજુ કરી હતી. આ કાવ્ય રચના થકી થયેલી ગાંધીગુણની વાતો યથાર્થ છે. રચના ખુબ જાણીતી પણ થવા પામી છે.

સો સો વાતુંનો જાણનારો
મોભીડ઼ો મારો ઝાઝી વાતુંનો
જાણનારો.
ડગલે ડગલે હાલ્યા કરે છે
ઊંચાણમાં નહિ ઊભનારો,
ઢાળ ભાળીને સૌ દોડવા માંડે
ઢાળમાં નહિ દોડનારો...ગાંધી મારો....

ગુજરાતનું એ સદ્ભાગ્ય છે કે પૂર્વ ભારતના બે વૈશ્વિક કક્ષાના મહાનુભાવો- સ્વામી વિવેકાનંદ તેમજ નેતાજી બોઝ- તેમના જીવનના મહત્વના કાળે ગુજરાતની ધરતી પર વિચર્યા હતા.

જાન્યુઆરી-૧૯૩૮માં નેતાજી સુભાષચંદ્ર બોઝની પસંદગી કોંગ્રેસ પ્રમુખ તરીકે કરવામાં આવી. જીવનના ચાર દાયકા પણ જેણે વટાવ્યા નથી તેવા યુવાન માટે કોંગ્રેસ જેવી વિશાળકાય સંસ્થાના પ્રમુખપદે આવવું તે એક અસાધારણ ઘટના છે. ગાંધીજીની ઉપસ્થિતિમાં પણ નેતાજીની આ લોકપ્રિયતા નોંધપાત્ર છે. જો કે અનેક વિષયો તેમજ કાર્યપદ્ધતિમાં ભિન્નતા હોવા છતાં બંને વચ્ચેનો સ્નેહદર હંમેશા જીવંત રહ્યો હતો. બંગાળના એક તેજસ્વી યુવાને આઈ.સી.એસ. જેવી સર્વોચ્ચ સનદી સેવામાંથી રાજીનામુ આપ્યું છે. આ યુવાન હવે દેશસેવાના કામમાં પોતાને જોડવા માટે છે. આ બંને સમાચારોએ પરાધીન દેશના અનેક યુવાનોને મનમાં નવી આશા તેમજ ઉત્સાહનો સંચાર કર્યો. વાત પણ દમદાર હતી. આજથી સો વર્ષ પહેલા પરાધીન દેશનો કોઈ હોનહાર યુવાન અંગ્રેજ પ્રજાને પણ જેનો વ્યામોહ રહેતો હતો. તેવી સેવામાં સ્વબળે મેરીટ્સમાં ચોથા ક્રમે પસંદગીને પાત્ર બને તે કલ્પનાતીત બાબત છે. ભવ્ય પરિણામથી સહેજ પણ ચલિત થયા સિવાય યુવાન સુભાષબાબુ વિચારે છે કે આઈ.સી.એસ.ની નોકરીની શરતોને સ્વીકારીને ચાલવું તે દેશના સંજોગો જોતા અપ્રાસંગિક છે. સુભાષને અરવિંદ ઘોષની પુણ્ય સ્મૃતિ થાય છે. એ સાથે જ મહર્ષિ અરવિંદે બતાવેલા માત્ર ત્યાગના પંથે જવાનો ઐતિહાસિક નિર્ણય કરે છે. સુભાષબાબુનો આ ત્યાગ જેનું જવલ્લે જ જોવા મળે તેવું ઉજળું ઉદાહરણ છે. કેમ્બ્રિજ જેવી ઇંગ્લેન્ડની સુપ્રસિદ્ધ યુનિવર્સીટીમાંથી તેઓ સ્નાતક પણ થયા. આઈ.સી.એસ.માંથી રાજીનામુ આપનાર પ્રથમ ભારતીય બન્યા. કોઈપણ જાતની સ્પૃહા સિવાય માતૃભૂમિ માટે મારી ફીટવાની તમન્ના સાથે ૨૪ વર્ષના તેજસ્વી યુવાને જુલાઈ-૧૯૨૧માં હિન્દુસ્તાન તરફની મુસાફરી શરુ કરી.

હિન્દુસ્તાનમાં આવ્યા પછી દેશસેવા કેવી રીતે અને કયા માર્ગે કરવી તે પ્રશ્ન તો મનમાં હતો જ. દેશમાં ૧૯૧૫ પછી મહાત્મા ગાંધીની છાપ સમગ્ર સ્વાતંત્ર્ય ચળવળ પર મજબૂત અને ઊંડી હતી. દેશમાં આવ્યા પછી સૌ પ્રથમ સુભાષબાબુ મહાત્મા ગાંધીને મુંબઈમાં મણીભુવનમાં મળ્યા. મહાત્માથી ઉંમરમાં ત્રણેક દાયકા નાના એવા સુભાષબાબુ પરદેશી પોશાકમાં સુસજ્જ હતા. જાડી તેમજ ખરબચડી ખાડીમાં વીંટળાયેલા ગાંધીના બાળસહજ સ્મિતથી નિઃસંકોચ થયા અને વિચારોની આપ-લે થઈ. ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમની ઠંડી તાકાતથી સુભાષબાબુ પ્રભાવિત ન થયા. વિચક્ષણ ગાંધીજીએ સુભાષબાબુને કલકત્તા જઈ ચિત્તરંજન દાસનું માર્ગદર્શન પણ મેળવવા જણાવ્યું. ચિત્તરંજન બાબુ બંગાળના તે સમયના સૌથી લોકપ્રિય નેતા હતા. સુભાષબાબુને તેમનું માર્ગદર્શન પસંદ પડ્યું હતું. નેતાજી બાપુને ૧૯૨૧થી ૧૯૪૦ (વર્ધાઃ છેલ્લી મુલાકાત) સુધીમાં અનેક સમયે મળ્યા. ૧૯૩૯માં નેતાજીએ ગાંધીજી સાથેના મતભેદ છતાં થોડા યાદગાર વાક્યો કહ્યા. નેતાજી કહે છેઃ

‘અનેક વિષયોમાં હું મહાત્મા ગાંધી સાથે એકમત નથી તો પણ તેમના વ્યક્તિત્વ વિષે મારો આદર કોઈથી પણ ઉતરતો નથી. બીજા સર્વ લોકોનો વિશ્વાસ મેળવવામાં સફળ થાઉં અને ભારતના શ્રેષ્ઠ માનવનો વિશ્વાસ ન મેળવી શકું તો મારા માટે એ કારી ઘા બની રહે.’ સામા પક્ષે મહાત્માએ પણ દરેક સમયે નેતાજીની દેશદાઝની ખુલ્લી સરાહના કરી છે. ભિન્ન માર્ગના આ મહાન પ્રવાસીઓનું લક્ષ એક જ હતું. દેશની મુક્તિ માટે બંનેનાં જીવન સમર્પિત થયા હતા.

૨૬ જાન્યુઆરી ૧૯૪૧ના દિવસે કલકતાની એક અદાલતમાં કેદી સુભાષના નામનો પોકાર થયો. કેસ આગળ ચલાવવાનો હતો. થોડીવાર પછી વિલાયેલા મ્હોંએ સરકારી વકીલે અદાલતને જણાવ્યુંઃ ‘આરોપી ગુમ થયા છે.’ તેજલીસોટાની જેમ એક પ્રચંડ સત્તાને હચમચાવી નેતાજી મા ભોમની મુક્તિનો માર્ગ શોધવા ‘સુજલામ સુફલામ’ ભૂમિથી દૂર-સુદૂર નીકળી ગયા. નેતાજીની સવાસોમી જન્મ-જયંતિ(૧૮૯૭-૨૦૨૨) પ્રસંગે આવા અદ્વિતિય વીરપુરુષને નમન કરવાનો સમય છે. તેમની વીરતા એ પ્રેરણાના અખૂટ સ્ત્રોત સમાન છે.

# એક સનદી અમલદારનું સાહિત્ય શાસન...




આપણે ત્યાં જાહેરસેવક હોય અને સાહિત્યકાર પણ હોય એવું સાયુજય ધરાવતા સર્જકોની પણ એક અનોખી ધારા છે.સરકારી નોકરીમાં ઉચ્ચ પદ ઉપર રહીને લેખકધર્મ બજાવવાનું કામ કપરું હોય છે.ગુજરાતી સાહિત્ય આ બાબતે નસીબદાર છે..આનું જો ઉત્તમ ઉદાહરણ આપવું હોય તો બેશક એ નામ ર.વ.દેસાઈનું આપી શકાય..સનદી સેવાની સાથે શબ્દની આરાધના એ એમના જીવનનો રસપ્રદ આલેખ છે.

ચંદ્રકાંત બક્ષી કોઈ ગુજરાતી લેખકથી પ્રભાવિત હોઈ શકે ? એનાં ભરપેટ વખાણ કરે એવું કદી સાંભળ્યું છે ? કોણ હશે એ નસીબદાર લેખક? આપના કુતુહલનો જવાબ..એ લેખક એટલે રમણલાલ વસંતલાલ દેસાઈ..આપને ‘ગ્રામલક્ષ્મી’ નો ભાવુક નાયક અશ્વિન યાદ છે ?‘હદયનાથ’નો મહત્વાકાંક્ષી મહેશચંદ્ર કે ‘દિવ્યચક્ષુ’ નો જનાર્દન...જેણે પણ આ પાત્રસૃષ્ટિ માણી હશે એ ર.વ.દેસાઈને ભૂલી ના શકે..

બક્ષીના અહોભાવનું એક કારણ બીજું પણ હતું....સામાન્ય રીતે ગુજરાતી લેખક એટલે લઘરવઘર પહેરવેશ અને વેરવિખેર વાળ સાથેની ધીરગંભીર વ્યકિત એવી એક છબી આપણા મનમાં હોય છે....પરંતુ આ લેખકને જુઓ તો લાગે કે લેખક પણ કેવા જાજરમાન હોઈ શકે ! સૂટબૂટમાં સજ્જ..કલીન શેવ..માથે હેટ અને ઘોડેસવાર તેજીલો અસવાર..લઘરવઘર લેખકોની વચ્ચે આવા અપવાદ સહજ રીતે આપણને રોમાંચ આપી જાય..એમની કથાસૃષ્ટિ અને એનાં પાત્રો પણ એવાં જ સુઘડ,સાત્વિક અને ભાવનાત્મકતાથી ભરપૂર...

ર.વ.દેસાઈનો જન્મ..તારીખ ૧૨/૫/૧૮૯૨.વડોદરા જિલ્લાના શિનોર ગામે રેવા નદીના કાંઠે..પરંતુ એ વતની હતા ’વનાંચલ’ એટલે કે પંચમહાલ જિલ્લાના.ગાયકવાડ શાસનમાં એ ઉચ્ચ અધિકારી હતા..સૂબા સાહેબ..જે આજના પ્રાંત અધિકારી કહેવાય એવા. એ પહેલાં એ મહાલકારી એટલે કે મામલતદાર પણ હતા..જેને ’ભાઈસાહેબ’ કહેવામાં આવતા..મોટાભાગના એમના સમકાલીન એમને ભાઈસાહેબના હુલામણા નામથી જ ઓળખતા..ગાયકવાડી શાસનના જિલ્લાઓ વડોદરા,મહેસાણા,અમરેલી, પાટણના વિવિધ ગામોનાં પાણી એમણે પીધેલાં અને જનજીવનને ભરપેટ આત્મસાત પણ કરેલું..લેખન એમનો શોખ હતો..કવિતા નવલિકા નાટક અને નવલકથાઓ...૧૯૩૨નો રણજીતરામ સુવર્ણચંદ્રક મેળવી એમણે અમલદાર કરતાં લેખક હોવાની ઓળખ કાયમ કરી..એમને યુગમૂર્તિ સાહિત્યકાર કહેવામાં આવે છે..

એમની કથાઓમાં આઝાદી માટે તરસતા એ યુગની વ્યથા છે. આદર્શ છે ઘેલછા છે..દર્શન છે..એ ક.મા.મુનશીના સમકાલીન..મુનશી સામે ટકી રહેવું એટલે ? એમને કોઈકે પૂછ્યું કે ‘મુનશી અને તમારામાં વધુ લોકપ્રિય કોણ ?’એમણે સરસ જવાબ આપેલો ‘જાહેરમાં જોઈએ તો ક.મા.મુનશી અને ખાનગીમાં કહો તો હું..!’ આ નિખાલસતા હતી એમની..એ સમયને જાણનારને ખબર છે કે મુનશી સિવાય કોઈ લેખક વાચકને પ્રભાવિત કરે એ વાત જ એ જમાનામાં પુરસ્કાર ગણાતો..

‘ભારેલો અગ્નિ’ એમની યશસ્વી નવલકથા છે...એની જ વાત કરીએ.૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામને વિષય તરીકે લઈ રચાયેલી, કળાકીય દ્રષ્ટિએ ધ્યાનપાત્ર ‘ભારેલો અગ્નિ’ નવલકથામાં રૂદ્રદત્તના કાલ્પનિક પાત્ર દ્વારા ગાંધીકથિત અહિંસાની ભાવના વણી લીધી છે.નવલકથા ૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામના પાત્રો ઝાંસીની રાણી, મંગલ પાંડે, તાત્યા ટોપને લઈને સમાંતર કાલ્પનિક પાત્રોને સાંકળી આગળ વધે છે. પ્રેમ, હિંસા, યુદ્ધ, કપટ, સંસ્કૃતિ, અહિંસા જેવા મુદ્દાને સાંકળી રસપ્રદ કથાનક બને છે.

ભાષા સરળ છે. ટુંકા અને ચોટદાર સંવાદ છે. ઉદાહરણ.

’વેર માંથી ઝેર મળે કે સ્વાતંત્ર્ય ?
’જે થાકે એ યોદ્ધો નહિ’
’હઠ વગર યુદ્ધ જામે નહિ’
’યુદ્ધ એ નિષ્ઠુરતાનો ભયાનક નશો છે’
’નિદ્રા શબનો પણ તકિયો બનાવરાવે’

હાલની સાંપ્રત સમસ્યાનો પડઘો કથામાં સંભળાય છે. ટોળા દ્વારા થતા (અ)ન્યાયની વાત ને લેખક રજૂઆત કરતા લખે છે. - ’જનતાનો આવેશ એટલે નશો. ટોળુંભાન ભૂલી જાય છે; ઉશ્કેરણીમાં તે રાક્ષસી કાર્યો કરી બેસે છે . એ વ્યક્તિ એકલી હોય ત્યારે તે સ્વપ્ન પણ ન કરે , તે ટોળામાં ભળે ત્યારે જરૂર કરે છે.’આ કથા અસરકારક રીતે યુદ્ધની નિરર્થકતાને વર્ણવે છે. લેખક અદ્ભુતવાત કરે છે ’માતાઓ જ્યારે યુદ્ધ જોતી થશે ત્યારે જગતમાં એક પણ યુદ્ધ નહીં થવા દે.’

આપણી ભાષામાં આત્મકથાઓ અનેક છે...પણ ર.વ.દેસાઈની બે ભાગમાં લખાયેલી આત્મકથા ‘ગઈકાલ’ અને ‘મધ્યાહનનાં મૃગજળ’ વાચનના ખજાના જેવી છે..એમાં ઘણી રસપ્રદ વાતો છે..લેખક વડોદરા રાજ્યના પ્રીતિપાત્ર અમલદાર હતા..એમના લેખન શોખને પણ રાજા પૂરેપૂરું પ્રોત્સાહન આપતા..બાબાસાહેબ આંબેડકરને વિદેશ મોકલનાર રાજવીએ ર વ.દેસાઈને પણ ચાલુ પગારે લાંબો સમય કલકત્તા મોકલેલા. જ્યાં એ વહીવટની તાલીમની સાથે સાહિત્ય થકી પણ સમૃધ્ધ થઈ પરત પોતાના રાજ્યમાં આવ્યા હતા.

રાજાશાહીના જાહેરસેવક લોકશાહી આવતાં સહજ એ શાસનમાં પણ ગોઠવાઈ ગયેલા. ઈ.સ.૧૯૪૮ એમના સેવાકાળનું છેલ્લું વરસ હતું..આઝાદ ભારતની એમની ખેવના મૂર્તિમંત થતી એ જોઈ શક્યા...એ રીતે એ સદભાગી હતા..લેખક તરીકે ૧૦૦ જેટલાં માતબર પુસ્તકો આપનાર સૌજન્ય મૂર્તિ આ લેખક ૨૦/૦૮/૧૯૫૪ ના રોજ ગુજરાતી સાહિત્યના આકાશમાંથી તેજલિસોટા સાથે ખરી પડેલા..એમની સર્જકતાના ચમકારા થકી આજે પણ ગુજરાતી ગગન અષાઢમય બની જાય છે...

એમને શ્રધ્ધાંજલિ આપતાં ચુનીલાલ મડિયાએ જે લખ્યું છે એ યાદગાર શબ્દો છે. ‘૧૯૫૪ના સપ્ટેમ્બરની ૨૦મી તારીખે સમાચાર મળ્યા કે અઢી ત્રણ દાયકા સુધી ગુજરાતના લોકહદયના લાડીલા બની રહેલા આ નવલકથાકારનું અવસાન થયું છે. સમાચાર સાંભળીને સમગ્ર ગુજરાતે વીજળીનો આંચકો અનુભવ્યો. આજુબાજુના ગામોમાંથી લોકો પોતાના પ્રિય લેખકનું અંતિમ દર્શન કરવા દોડી ગયા અને સ્મશાનયાત્રા નિહાળનારાઓ કહે છે કે એ દિવસે વડોદરામાં જાણ્યા અજાણ્યા અનેકાનેક માણસોએ આંસુ સાર્યાં હતાં. ચાર્લ્સ ડિકન્સના મૃત્યુ પ્રસંગે એને અંતિમ પુષ્પાંજલિ અર્પવા માટે ત્રણ દિવસ ને ત્રણ રાત સુધી અંગ્રેજ પ્રજાજનોની લાંબી લાંબી કતારો લાગેલી. અને આજે આટઆટલા દાયકાઓ વીત્યા પછી વેસ્ટમિન્સ્ટર એબીમાં ડિકન્સની કબર ઉપર રોજેરોજ એના પ્રશંસકોની પુષ્પાંજલિઓનો ખાસ્સો ઢગલો થાય છે. રમણલાલની લોકપ્રિયતા અંશતઃ આ પ્રકારની છે.’